ગાંધીનગર સમાચાર

કરફ્યુ સિવાયના વિસ્તારોમાં આજથી બસ સેવા

# ...તો દૂધ-શાકભાજીનો સપ્લાય બંધ કરી દઈશુ : હાર્દિક પટેલ

## ગાંધીનગર આવેલા હાર્દિકે વાડજનું તોફાન સરકાર અને લાલજી પટેલ દ્વારા આંદોલન તોડી પાડવાનું ષડયંત્ર જણાવ્યું : જીએમડીસી ખાતેના લાઠીચાર્જને જલીયાવાલા બાગ કાંડ અને પોલીસને જનરલ ડાયર સાથે સરખાવ્યા



### રીમોટ મારા હાથમાં છે, ૧૮૨ "ચેનલ" ફેરવી નાંખીશ : હાર્દિક

**ન્યાય નહીં મળે તો સરકાર ઉથલાવી દેવાની સાંકેતીક ધમકી**

ગાંધીનગર આવેલા હાર્દિક પટેલે અનામત નહી મળે તો સરકાર ઉથલાવી દેવાની સાંકેતિક ભાષામાં ધમકી આપતા જણાવ્યું હતું કે રીમોટ કંટ્રોલ મારા હાથમાં છે, જો સરકાર પાટીદારોની માંગનો અસ્વિકારીને અનામત આપવાનો ઈન્કાર કરશે તો, "૧૮૨ ચેનલો" ફેરવી નાંખીશ..! રીમોટ હાથમાં હોવાની વાત બાદ પેટા પ્રશ્ન પુછ્યો કે તો આ તોફાનોની સ્વિચ પણ તમારા હાથમાં હશે ને ...? ત્યારે વળતા જવાબમાં હાર્દિકે કહ્યું હતું કે ક્યારેક રીમોટના સેલ ખરાબ તો ક્યારેક કોઈક સ્વિચ બંધ પણ હોય છે..!

### પાર્ટી રચવાનો કોઈ જ ઈરાદો નથી

ભ્રષ્ટાચારને સિસ્ટમમાંથી દૂર કરવા માટે જેમ આમ આદમી પાર્ટીની રચના કરવામાં આવી હતી તેમ પાટીદારોને અનામત અપાવવા માટે કે અન્ય ન્યાય અપાવવાના હેતુસર કોઈ પક્ષ કે પાર્ટી નવી રચવાની કે કોઈ પક્ષમાં જોડાવવાની તૈયારી અંગે હાર્દિકને પ્રશ્ન કરાતાં તેણે સ્પષ્ટ ઈન્કાર કરી જણાવ્યું હતું કે તેને કોઈ પક્ષ રચવા કે કોઈના પક્ષમાં જોડાવવનો ઈરાદો નથી. જો સરકાર અનામતને માંગ નહિ સ્વિકારે તો અમારા લાખો પાટીદારો મત ન આપીને સરકારને તારા દેખાડી દેશે..! અમને પક્ષ રચવાની જરૂર નહી પડે..!



ગાંધીનગર, તા. ૨૭

જીએમડીસી ગ્રાઉન્ડ પર આંદોલન અંતર્ગત અનસનમાં બેસી ગયેલા હાર્દિક તથા ટોળા પર થયેલા લાઠીચાર્જની ઘટનાને જલીયાવાલાબાગ કાંડ સાથે અને પોલીસને જનરલ ડાયર સાથે સરખાવીને ગાંધીનગર આવેલા હાર્દિક પટેલે સરકારને અલ્ટીમેટમ આપ્યું હતું કે જો સરકાર બલિદાન આપનાર પાટીદારોને રૂ. ૩૫ લાખ વળતર અને જવાબદાર પોલીસને સસ્પેન્ડ નહી કરે તો દૂધ અને શાકભાજીનો સપ્લાય કરવાનું બંધ કરી દઈશુ...!

હાર્દિક પટેલ આજે ગાંધીનગર સરગાસણ પાસે આવ્યો હતો. જે સમયે તેણે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે મહારેલી બાદ વાડજ વિસ્તારમાં થયેલા તોફાનો એસ.પી.જી. સુપ્રિમો લાલજી પટેલ અને સરકારનું આંદોલન તોડી પાડવા માટેનું કાવતરૂ હતુ. એસપીજી માત્ર મહેસાણા પુરતુ સિમિત હતુ જેને હું રાજ્યકક્ષા સુધી લઈ ગયો છું. ઓ.બી.સી.ના ચેરમેન પક્ષપાતી વલણ દાખવે છે. જેને પગલે આંદોલન કરવાની નોબત આવી છે.

હાર્દિક પટેલના જણાવ્યા મુજબ અગાઉ પાટીદારોએ ઓબીસીમાં અનામત આપવા રજુઆતો કરી હતી. પરંતુ પાટીદારોનો મુળથી માંડીને તેમના અસ્તિત્વ સુધીનો ઈતિહાસ માંગી વર્ષો નિકાળી દીધા પરંતુ અનામત આપવામાં આવ્યુ નથી. આ ઈતિહાસ શોધવાનું કામ સરકારનું છે તેમ કહી તેણે ઉમેર્યું હતું કે અમારો મોટો વિરોધ એ છે કે અનામતમાં "મારૂ મારા બાપનું... ને તારામાં મારો ભાગ...!" રીઝર્વેશનની આ નિતિ સામે વિરોધ દર્શાવીને સરકારને આડે હાથ લઈ ઉમેર્યું હતુ કે જો આતંકવાદી માટે સુપ્રિમ કોર્ટ રાત્રે ત્રણ વાગે ખુલી શકતી હોય તો આ તો રાજ્યના યુવાધનનો પ્રશ્ન છે. સરકાર ચર્ચા-વિમર્શ કરીને બંધારણમાં જોગવાઈ કરવા સુધીનો હલ નિકાળે..!

કેજરીવાલ સાથેના હાર્દિકનો ફોટો શોશ્યલ મીડીયા પર વહેતા થયા હતા તે અનુસંધાને કરેલા પ્રશ્નનો હાર્દિકે જવાબ આપ્યો કે "કોણ કેજરીવાલ..? મારે કેજરીવાલ સાથે કોઈ લેવા દેવા જ નથી." હું કોઈ પક્ષ કે કોઈ વ્યક્તિ સાથે જોડાયેલો વ્યક્તિ નથી હું માત્ર મારા પાટીદાર યુવાધનોને ન્યાય મળે તે માટે લડી

● અનુસંધાન પાન-૭ પર

# કરફ્યુ સિવાયના વિસ્તારોમાં આજથી બસ સેવા

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર અમદાવાદ વચ્ચે બે દિવસથી ખોરવાયેલી એસ ટી બસ સેવા આજે સવારથી શરૂ કરી દેવાશે. ગુરુવારે સાંજે અમદાવાદના સરખેજ રૂટની બસો દોડાવવામાં આવી હતી. જયારે સવારે સચિવાલય પોઈન્ટ બસ સેવાથી માંડી રૂટીન બસો રૂટમાં દોડતી થઈ જશે. જો કે અમદાવાદના સંવેદનશીલ વિસ્તારમાં બસો નહી જાય તેમ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે. રાજયમાં કરફ્યુ સિવાયના શહેરમાં પણ એસ ટી બસ સેવા રાબેતા મુજબ શરૂ કરી દેવાશે.

ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના સચિવ કે ડી દેસાઈએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે તા ૨૮ ઓગષ્ટથી કરફ્યુ સિવાયના વિસ્તારોમાં બસસેવા શરૂ કરી દેવાશે. ગાંધીનગર અને અમદાવાદ વચ્ચેની બસ સેવા પણ શરૂ કરી દેવાશે. જેમાં સચિવાલય પોઈન્ટની બસ સેવા પણ સવારથી શરૂ થઈ જશે. જો કે ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના સંવેદનશીલ વિસ્તારમાં બસો દોડાવાશે નહી. જેમાં બાપુનગર,કૃષ્ણનગર,કે કે નગર તેમજ અખબારનગર સહિતના વિસ્તારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મધ્ય ઝોન ,સૌરાષ્ટ્ર ઝોન, દક્ષિણ ઝોન ઉત્તર ઝોન તેમજ પશ્ચિમ ઝોનમાં પણ તા ૨૭ મી થી વહીવટી તંત્રના પરામર્શમાં રહીને બસો દોડાવાનુ શરુ કરી દેવાયુ છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે પણ બસ સેવા શરૂ કરી દેવામાં આવશે.

**ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પણ બસો દોડાવાશે**
**કર્મચારીઓની પોઇન્ટ બસ સેવા પણ આજે સવારથી શરૂ**

## પેથાપુરમાં તોફાન કરવાના મામલે ઝડપાયેલા આરોપીઓની જામીન અરજી નામંજુર

ગાંધીનગર તા ૨૭

પેથાપુરમાં વાહનોને આગ લગાડી તોફાને ચઢેલા ટોળા સામે પોલીસે ગઈકાલે કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પોલીસે આરોપીઓની ધરપકડ કરીને આજે કોર્ટમાં રજુ કર્યા હતા. ગાંધીનગરની જયુ મે જી કોર્ટમાં આરોપીઓને રજુ કરાયા હતા. જયારે આરોપીઓની જામીન અરજી પણ કોર્ટે નામંજુર કરવાનો આદેશ કર્યો છે.

ગઈકાલે રાજયમાં અનામતની આગ હિંસક બનતા ગાંધીનગરમાં પણ પત્થરમારો તેમજ આગચંપીના બનાવો બનવા પામ્યા હતા. આ દરમિયાન ટોળાઓ દ્વારા ઠેર ઠેર દુકાનો બંધ કરાવી દેવાઈ હતી. પેથાપુરમાં પણ આ મામલે દુકાનો બંધ કરાવવા ટોળુ પહોચ્યુ હતુ. જયારે આ દરમિયાન આગ ચંપીના બનાવો પણ બન્યા હતા. ઘટનાના પગલે પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી.જયારે આ કેસના આરોપીઓની પણ પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી. આ આરોપીઓને પોલીસે આજે કોર્ટમાં રજુ કર્યા હતા. જયારે ગાંધીનગરની જયુ મેજી કોર્ટમાં આરોપીઓએ વકીલ મારફતે જામીન અરજી પણ રજુ કરી હતી. જજ એ એન ગજજરે આરોપીઓની જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કર્યો હતો.

## કમોસમી વરસાદથી જિલ્લામાં ૪.૯૬નું લાખનું નુકશાન થયાનો સર્વે

**જિલ્લામાં ૨૦ મહેસુલી તલાટીની ઘટ છે : મહેસુલમંત્રી**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય સત્રના આજે બીજા દિવસે ગૃહમાં ગાંધીનગર જિલ્લાને લગતા ૧૧ જેટલા પ્રશ્નો ગૃહની પ્રશ્નોત્તરીમાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૧૫ દરમ્યાન થયેલ માવઠુ અને કરા પડવાને કારણે કુલ ચાર લાખ ૯૬ હજારનું નુકશાન થયું

**વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા**

હતું. તે બધીજ સીઆરઈની સહાય ચુકવી આપવામાં આવી છે.

કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૧૫ અને માર્ચમાં નુકશાનીનો સર્વે ૧-૩-૧૫થી ૫-૩-૧૫ સુધીમાં કરવામાં આવ્યો હતો. જ્યારે માર્ચ માસમાં થયેલ નુકશાનીનો સર્વે ૧૦-૪-૧૫ સુધીમાં કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં કમોસમી વરસાદને કારણે કુલ રૂ. ૩૨૪૮.૪૬ લાખનું નુકશાન થયું હતું.

**● કલોલ-માણસા માર્ગ**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે કલોલ-માણસા માર્ગ પહોળો કરવાના આયોજન અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના કલોલ-માણસા-વિજાપુર રોડ પૈકી કલોલથી માણસા સુધીની ૮.૩૦ કિ.મી.ની લંબાઈ સહિતની કુલ ૧૯.૫૦ કિ.મી. લંબાઈને હયાત ૫.૫૦ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવા માટેના કામને મંજૂરી આપવામાં આવી છે.

આ કામ હાલ પ્રગતિ હેઠળ છે તેમજ આ પાછળ રૂ. ૨૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

**● મહેસુલી તલાટીઓની ઘટ**

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ જિલ્લા કલેક્ટર અને

● અનુસંધાન પાન-૭ પર



**રાખી કે બંધન કો નિભાના :** ભારતીય સંસ્કૃતિના પરંપરાગત પર્વની ઉજવણીનું કાઉન્ટ-ડાઉન આરંભાઈ ગયું છે... તોફાનોના ગ્રહણને કારણે એકાદ દિવસ માહોલ બનવામાં મોડું થયું છે પરંતુ બહેનો આજ સાંજથી રાખી બજારમાં મોટી સંખ્યામાં દેખાઈ રહ્યા છે... વિવિધ રંગો અને આકારોવાળી રાખી પોતાના ભાઈને પસંદ પડશે એવા અનુમાનો સાથે ખરીદી કરે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

## વિપક્ષના નેતાના શોક પ્રસ્તાવનો બહિષ્કાર કરાતા વિપક્ષના સભ્યોએ ગૃહમાં ધાંધલ મચાવી

ગાંધીનગર, તા. ૨૭

વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરના વિધાનસભા અધ્યક્ષે અસ્વીકાર કરી નામંજુર કરતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે ધાંધલ ધમાલ કરતાં ગૃહની કાર્યવાહી ખોરવી નાંખતા આખરે ગૃહની કાર્યવાહી અડધો કલાક મુલત્વી રાખવામાં આવી હતી.

ગૃહની કાર્યવાહી મુલત્વી રાખવામાં આવ્યા બાદ પુનઃ એક કલાકે ગૃહની બેઠક ફરી મળતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વર્ષ-૨૦૦૨માં ગોધરાકાંડ બાદ ગૃહમાં મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પવા શોક પ્રસ્તાવ રજુ થયો હતો. તે સમય જેવી સ્થિતિ અત્યારે રાજ્યમાં છે અને તોફાનોમાં જે લોકોના મૃત્યુ થયા છે તેમને શ્રદ્ધાંજલિ આપવા શોક પ્રસ્તાવ મુકુ છુ એવી રજુઆત કરી હતી.

**ગૃહની કાર્યવાહી અડધો કલાક મુલત્વી રખાઈ**

જોકે વિધાનસભા અધ્યક્ષે વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાના પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજુર કરતા

● અનુસંધાન પાન-૭ પર

2ND INNING 2015
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
આયોજીત
Rotary
સિનિયર સિટીઝન માટેનો એક દિવસીય કાર્યક્રમ
તારીખ : ૩૦ ઓગસ્ટ,'૧૫ ને રવિવાર ● સ્થળ : ટાઉન હોલ, ઘ-૪ સર્કલ પાસે, ગાંધીનગર
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સિનિયર સીટીઝનો માટે એક દિવસીય કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં જાણિતા સાહિત્યકારોના વાર્તાલાભ, હાસ્ય કવિતાઓ તથા નાટ્ય પ્રયોગોનું આયોજન કરેલ છે. જેથી વહેલા તે પહેલાના ધોરણે નીચેના સ્થળોએ રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી છે.
૧.પટેલ પાર્લર, ઘ-૨, ઘ-૫, તથા સે.૨૪, ૨.રાધે સ્વીટ, સે-૧૧, ૩. ૬૨૪, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૧, ૪. રોટરી ફીઝીયોથેરાપી સેન્ટર, સે-૨૨, પંચદેવ મંદીર પાસે, ૫.મહાવીર પાર્લર, સે-૨૨, ઘ-૬, ૬.ગાંધીનગર સમાચાર, સે.૮, ૭.રોયલ લુક, સંકલ્પ રેસ્ટોરન્ટ નીચે, ઈન્ફોસીટી, ગાંધીનગર
અન્ય માહિતી માટે સંપર્ક : ૯૮૨૫૨ ૫૦૯૭૫, ૯૭૨૩૯ ૧૨૨૫૫, ૯૩૭૪૯ ૯૧૦૧૫
રોટરી ફિઝિયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર

ગાંધીનગરના જુના સેક્ટરોમાં સૌ પ્રથમ
સે.૨૩/૨૪ ચોકડી ખાતે હોલસેલ ભાવે જ
મેઘા સેલ
તા. ૨૮-૨૯-૩૦ ઓગસ્ટ, ૨૦૧૫
સમય : સવારે ૧૦-૦૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી
૫૦૦ની ખરીદી પર ૧ લેગીંસ ફ્રી, ખરીદી કરો ૧૦ લેગીંસ ૧ લેગીંસ ફ્રી ● લેડીઝ ટીશર્ટ - ૩ નંગ ૨૫૦માં
● કોટન કુર્તી ● લોન્ગ કુર્તી ● અનારકલી ● પટીયાલા કુર્તી
● બ્રાન્ડેડ ટી-શર્ટ ● વેસ્ટર્ન ટોપ ● લોગન ટી-શર્ટ ● સાદી ટી-શર્ટ
● લોન્ગ વેસ્ટર્ન ● જમ્પ શુટ ● લેગીન્સ, નેટવાળી લેગીન્સ અને નેટવાળી કેપ્રી
● જેગીન્સ ● જીન્સ પેન્ટ ● એમ્બોસ પેન્ટ ● ચેન એન્કલ પેન્ટ ફક્ત રૂ. ૨૦૦
● પ્લાઝો ● કેપ્રી ● હેરમ ● શોર્ટી ● ટી બેગ ● બલુન ટી-શર્ટ ● કોટન શર્ટ
● નાની લેગીંસ ટી-શર્ટ પેન્ટ મળશે (બધા જ દિવસ સેલ ચાલુ)
આ બધી જ આઈટમો બધી જ સાઈઝમાં ઉપલબ્ધ
આસ્થા એન્ટરપ્રાઈઝ
બી-૪૮૫, ૨૪ ચોકડી, બજાજ બાઈક શો-રૂમ પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. : ૯૭૨૬૪ ૫૬૨૨૮

GSPC
GUJARAT STATE PETROLEUM CORPORATION LIMITED
TENDER-Pest Control Services
Tenders are invited through sealed offer under envelop system from reputed agencies for providing Pest Control Services. The detailed scope of service/work is mentioned in the tender/bid document. The blank tender document can be obtained from the below mentioned address on payment of tender fee of Rs. 1000/-by DD in favour of "GSPCL" payable at Gandhinagar from 28/08/2015 to 04/09/2015 (11.00am to 6.00pm.). The tender document can also be downloaded on www.gspcgroup.com from 28/08/2015 onwards. The tender fee should be deposited in the form of DD in favour of "GSPCL" along with the tender document. The last date for submission of tender is 08/09/2015 (up to 5.00pm).
Vice President (Admin.)
Gujarat State Petroleum Corporation Ltd. (A Govt. Of Gujarat Undertaking)
GSPC Bhavan, 7th Floor, Sector-11, Gandhinagar, Phone:07966701708

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com